بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.07-07-2017 સ્થળ: બૈતુલ ફુતુહ લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર એય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું:

જેવું કે અંબિયા અ.સ.ના ઈતિહાસમાં આપણે જોઈએ છીએ કે તેમનાં દાવા પછી તેમનો વિરોધ પણ થાય છે અને જેમ જેમ જમાઅત ફેલાય છે વિરોધ અને ઈર્ષ્યાની આગ પણ વધવી શરૂ થઈ જાય છે પરંતુ કેમકે દાવો કરનાર અલ્લાહ તઆલા તરફથી મોકલેલ હોય છે અને અલ્લાહ તઆલાએ તેને વિરોધીઓ હોવા છતાં પ્રગતિનો વાયદાઓ અને ખુશ ખબરીઓ આપેલ હોય છે માટે કોઈ વિરોધ પ્રગતિના માર્ગમાં રૂકાવટ નથી બનતો અને ન બની શકે છે. અલ્લાહ તઆલાએ જ્યારે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને મસીહ અને મહેદી બનાવી મોકલ્યા આપની સાથે પણ આ સુન્નત પ્રમાણે આ જ સલુક અલ્લાહ તઆલા ફરમાવી રહ્યો છે જ્યાં વિરોધીઓ વિશે અલ્લાહ તઆલાએ પહેલાં ખબર આપી ત્યાં વિરોધીઓના ખરાબ અંજામ અને વિરોધીઓ હોવા છતાં આપના સિલસિલાને વૃધ્ધિ અને આપના સમર્થનની ખબર આપી. આમ, અલ્લાહ તઆલાએ આપને ફરમાવ્યું કે હું તારા શુદ્ધ અને દિલથી પ્રેમ કરનારનો જુથ પણ વધારીશ. પછી એક ઈલ્હામ આ છે કે હું તારી સાથે સાથે તારા પ્રિયો સાથે છું. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે તારી સહાયતા તે લોકો કરશે જેમના દિલોમાં અમે પોતાના તરફથી ઈલ્હામ કરીશું . પછી ફરમાવ્યું કે હું તને સમ્માન આપીશ અને વધારીશ. પછી એક ઈલ્હામ આ છે કે ખુદા પોતાના તરફથી તારી સહાયતા કરશે.

પછી અલ્લાહ તઆલાનો આ વાયદો પણ છે પ્રચાર વિશે કે હું તારા પ્રચારને જમીનના ખૂણાં સુધી પહોચાડીશ. પછી ફરમાવ્યું કે અલ્લાહે લખી રાખ્યું છે કે હું અને મારા રસૂલ વિજય થશું. હવે આ માત્ર જાહેરી વાતો નથી જે નઅઉઝુ બિલ્લાહ હઝરત મસીહ મૌઉદ અ.સ.એ અલ્લાહ તઆલા તરફ મન્સૂબ કરી કહી દીધું બલ્કે અલ્લાહ તઆલા પ્રત્યેક યુગમાં તેનો અમલી ઈઝહાર પણ કરે છે કયાંક અલ્લાહ તઆલા વિરોધીઓની યોજનાઓ તેમના પર ઉલટાવી પોતાના સમર્થનના અમલી નઝારા દેખાડે છે. કયાંક સ્વયં તેમનું માર્ગદર્શન કરીને અહેમદિયતની સચ્ચાઈ દેખાડે છે કયાંક ગૈરોના દિલોમાં નાખે છે કે તે ગૈરોના હુમલાના વિરૂધ્ધ હઝરત મસીહ મૌઉદ અ.સ.ને માનનારની સહાયતા અને મદદ કરે. અત્રે હું અમુક એવી ઘટનાઓ પેશ કરૂ છું. વિરોધીઓના ખરાબ અંજામ વિશે.

નાઝીર દાઅવત એ ઈલ્લલાહ કાદિયાને લખ્યું કે તેમના એક મુઅલ્લીમ છે ઈસ્હાક સાહેબ તેઓ રમઝાનમાં પોતાના એક ગામમાં ગયા એક સંબંધીના ઘરે જેથી તેમને રમઝાનના સમય વિશે જણાવે. કહે છે કે જ્યારે ઘર વાળાઓને રમઝાનની વિશેષતા અને બરકત વિશે જણાવી રહ્યા હતા ટાઈમ ટેબલ આપ્યા પછી તો તે સમયે એક ગૈર અહેમદી નવજુવાન ઈકાબલ નામનો વ્યકિત આવીને બેસી ગયો. થોડા સમય સુધી તો તે મુઅલ્લીમ સાહેબની વાતો સાંભળતો રહ્યો પછી તેણે ઘર વાળાને પુછયું કે આ કોણ છે. તેમના સંબંધીઓએ શાયદ સ્પષ્ટ રીતે જણાવવું જરૂરી ન સમજ્યું કે જમાઅત અહેમદીયાનો મુઅલ્લીમ છે તેમણે ફકત એટલું કહ્યું કે આ ફલાણા ગામથી આવ્યો છે પરંતુ મુઅલ્લીમ સાહેબે સ્પષ્ટ રૂપમાં પોતાનો પરિચય કરાવ્યો કે હું જમાઅત અહેમદીયાનો મુઅલ્લીમ છું. જેથી તે વ્યકિત ગુસ્સામાં આવી ગયો મુઅલ્લીમ સાહેબે સંપૂર્ણ પણે પરિચય કરાવાની ઈચ્છા કરી કે તેની અમુક ભૂલો દુર થઈ જાય તે વ્યકિતએ સાંભળવાથી ઈન્કાર કરી દીધો. ખ્હે છે કે ચર્ચા દરમ્યાન કુરઆન શરીફ ઈસ્લામ અને હુઝુર પાક સ.સ.અ.નું નામ આવતું તો આ વ્યકિત કહેતો કે આપ લોકોને આ ઈસ્લામી શબ્દોનો પ્રયોગ કરવાનો કોઈ અધિકાર નથી. તે જ પાકિસ્તાની મૌલ્વીઓ વાળો પ્રભાવ છે અને જ્યારે હઝરત મસીહ મૌઉદ અ.સ.નું નામ આવતું તો તે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને અને જમાઅતને ગંદી ગાળો આપતો અને કહેતો કે હું સઉદી અરબ, બહરીન તથા કતર વગેરેમાં રહીને આવ્યો છું, આપ લોકો વિશે તમામ વાતો જાણું

છું. તમામ ઈસ્લામી દેશોએ આપની વિરૂદ્ધ ફતવાઓ આપેલ છે અને આ પણ કહ્યું છે કે જો માર્ગમાં સાંપ અને કાદિયાની મળી જાય તો સાંપને છોડી દો અને કાદિયાનીની હત્યા કરી દો. અને તેઓ કહે છે કે વારંવાર મને મારવા માટે ઉઠતો હતો કે આજે મને અવસર મળ્યો છે તો હું કાદિયાનીને મારું, હત્યા કરું અને પુણ્ય મેળવું, પરંતુ તે સફળ ન થઈ શકયો. કહે છે કે મેં ધૈર્ય તથા સંતોષથી તેની તમામ વાતો સાંભળી. જયારે તે અધિક જ અપશબ્દો પર ઉતરી આવ્યો, તો કહે છે કે મેં તેને કહ્યું કે હું અહેમદિયા જમાઅતનો મુઅલ્લીમ ન હોત તો મરવા મારવાની તારી ઈચ્છા પણ પુરી કરી દેત પરંતુ અમોને ગાળોના બદલામાં દુઆઓ આપવાની તાલીમ આપેલ છે જેથી હું કંઈ નથી કહેતો. આ રીતે તે ચુપ થઈ ગયો તથા આ ચેતવણી આપી તેમને, કે જો આજ પછી તું આ ગામમાં નજર આવ્યો તો બહુ જ ખરાબ અંજામ આવશે. કહે છે કે મેં કેવળ આ જવાબ આપ્યો કે આ તો સમય બતાવશે કે ખરાબ અંજામ કોનો થશે અને કહીને હું ચુપચાપ ત્યાંથી ઉઠીને આવી ગયો. આ વ્યકિત નજીકના ગામમાં જમાઅતના લોકોને પણ કહેતો હતો કે કાદિયાનીયત છોડી દો પરંતુ લોકો તેની વાત પર ધ્યાન ન આપતા હતા. આમ, કહે છે કે મેં રમઝાન પછી પંદર દિવસની રજા લીધી જ્યારે પાછો આવ્યો તો એક મહિલાએ જણાવ્યું કે મૌલ્વી ઈકાબલ જેણે જમાઅતને ગાળો આપી હતી તેને અચાનક હાર્ટ અટેક થયો અને તે મૃત્યું પામી ગયો. તો આ ઘટનાથી ન કેવળ જમાઅતના લોકોના ઈમાનમાં વૃદ્ધિ થઈ બલ્કે આ નાનકડા ગામમાં બિન મુસ્લિમ પણ ખુબ પ્રભાવિત થયા કે અમોએ પોતાની આંખોથી આ અલ્લાહ તઆલાનો સમર્થન હઝરત મસીહ મૌઉદ અ.સ. માટે જોયું અને અપમાન કરનારને અપમાનિત અને નષ્ટ થતા જોયો.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આજ કાલ આપણે આ ભૌતિક દુનિયામાં જોઈએ છીએ કે દુન્યવી ઉન્નતિના કારણે લોકો ધર્મથી દુર હટી રહ્યા છે પરંતુ દુનિયામાં એવો પણ વર્ગ છે જે ધર્મમાં રૂચિ રાખે છે તથા ઉચિત માર્ગની શોધમાં છે અને અલ્લાહ તઆલા પણ તેમના દિલોને જાણે છે માટે યુગના ઈમામને કબૂલ કરવા માટે દિલ પણ ખોલે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.ને જ્યારે મોકલ્યા તો આખરે એટલા માટે મોકલ્યા હતા કે દુનિયા તેમને કબૂલ પણ કરે અને અલ્લાહ તઆલાના ફઝલથી કબૂલ કરી પણ રહ્યા છે.

આઈવરી કોસ્ટના મુબલ્લિગ લખે છે કે એક ગામમાં એક લોકલ મુબલ્લિગ સાથે પ્રચાર માટે ગયા તો લોકોને મસીહ મૌઉદ અને ઈમામ મહેદીના આગમન વિશે જણાવ્યું. થોડા સમય બાદ ફરીથી ત્યાં ગયા તો તે ગામના ઈમામ સહિત પંદર લોકોએ અહેમદિયત કબૂલ કરી લીધી. તેમને જણાવ્યું કે આ મહિને ખુદ્દામુલ અહેમદિયાનો રાષ્ટ્રીય સમાગમ આબીજાાનમાં થઈ રહ્યો છે. તેના પર ગામ વાળાઓએ કહ્યું કે એક વ્યકિતએ આબી જાન મોકલવામાં આવે જેથી જમાઅતને નજીકથી જુએ કે આ લોકો કેવા છે. આમ, તે ગામમાંથી એક વ્યકિત ઈજતેમામાં સામેલ થયો અને પાછા આવીને આબી જાનમાં જે કંઈ જોયું હતું તે લોકોને જણાવ્યું કે કેવા લોકો રહે છે અને કેવી રીતે આ પ્રેમ અને ભાઈચારાનું વાતાવરણ હતું, તેનો ખુબ સારો પ્રભાવ થયો. આ રીતે થોડા સમય પછી જ્યારે તે લોકો ફરીથી પ્રચાર માટે ત્યાં ગયા તો રાત્રે ઈશાની નમાઝ પછી તથા પછી ફજરની નમાઝ બાદ મસીહ મૌઉદના આગમન વિશે સવાલો જવાબ થતા રહ્યા તથા લાંબા સમય સુધી આ પ્રશ્નોત્તર સભા ચાલતી રહી. આના પર કહે છે કે ૨૬ લોકોએ અહેમદિયત કબૂલ કરવાની તૌફીક મેળવી અને આ રીતે ત્યાં ૪૧ લોકોની જમાઅત પણ સ્થાપિત થઈ ગઈ.

પછી વિરોધીઓના ખરાબ અંજામ તથા અલ્લાહ તઆલાના સમર્થનની એક ઘટના બયાન કરતાં બેનિનના એક મુબલ્લિગ લખે છે કે મારા રીજનમાં બે રેડિયો સ્ટેશનો દ્વારા જમાઅતના પ્રચારનો સાપ્તાહિક કાર્યક્રમ જારી હતો અને આ ક્ષેત્રની એક મોટી સંખ્યા સુધી અલ્લાહ તઅલાની કૃપાથી જમાઅતનો સંદેશ પહોચી રહ્યો હતો. એક રેડિયો સ્ટેશન પર દર બુધવારે ત્રીસ મિનીટનો પ્રોગ્રામ પ્રસાર થતો હતો પરંતુ તે રેડિયો ચૈનલનો વાઈસ ડાયરેકટર અમારો વિરોધ કરતો રહેતો હતો તથા અમારા પ્રોગ્રામોમાં રૂકાવટ પૈદા કરવાનો પ્રયાસ કરતો હતો. અલ્લાહ તઆલા કરવું એવું થયું કે તે રેડિયો સ્ટેશનમાં ભ્રષ્ટાચારના આરોપમાં અદાલતે તેને સજા આપી દીધી અને જે નવા વાઈસ ડાયરેકટર બન્યા છે તેમને અમોએ મિશન આવવાનું આમંત્રણ આપ્યું. તેમને જમાઅતી અને ઈસ્લામી આસ્થા વિશે જણાવ્યું. અમુક લિટ્રેચર પણ વાંચવા માટે

આપ્યા અને પોતાના પ્રચારનો લક્ષ્ય પણ જણાવ્યો. ત્યાર બાદ તે થોડા સમય સુધી અમારા તબલીગી પ્રોગ્રામ સાંભળતા રહ્યા. આ રીતે પછી જ્યારે ફરીથી મળવાનો અવસર મળ્યો તો તે નવા ડાયરેકટર કહેવા લાગ્યા કે હું આપના પ્રચારથી ખુબ પ્રભાવિત થયો છું. આપના પ્રચારનો અંદાજ ખુબ સરસ છે, હું આપને તે જ ધન રાશિમાં જે આપ એક પ્રોગ્રામ માટે અદા કરો છે એક બીજો સાપ્તાહિક પ્રોગ્રામ નિરંતર રૂપમાં ફ્રી આપું છું જેથી વાસ્તવિક ધાર્મિક જ્ઞાનનો જનતાને જાણ થાય તથા ઈસ્લામ વિશે અનુચિત આસ્થાનું નિવારણ થાય. કયાં પ્રોગ્રામ જારી રાખવાની ચિંતા હતી અને કયાં અલ્લાહ તઆલાએ એવી કૃપા વરસાવી કે તે જ ખર્ચમાં અધિક સમય હઝરત મસીહ મૌઉદ અ.સ.નો અને ઈસ્લામનો વાસ્તવિક સંદેશ પહોચાડવાનો આપણને મળી ગયો.

પછી અલ્લાહ તઆલાથી સ્વયં દિલો ખોલવાની એક ઘટના છે. આ મિસ્રના એક મિત્ર છે અહેમદ સાહેબ. કહે છે કે ઈસ્લામની ઉચિત અને સરળ વ્યાખ્યા કરવા પર હું આપ લોકોની પ્રશંસા કરૂ છું. આપ જે પેશ કરો છો, તે રસૂલુલ્લાહ સ.અ.વ. રહેમતુલ લિલ આલમીનનો વાસ્તવિક ઈસ્લામ છે. અમે લોકો દાયશ અને તેની ભૂમિકાથી થાકી ચુકયા છીએ અને ખુદા કરે કે આપણે તમામ લોકોની સોચ આપ જેવી થઈ જાય. કહે છે કે મેં પ્રોગ્રામમાં જણાવ્યા અનુસાર બે રકઅત ઈસ્તિખારાની નમાઝ અદા કરી, તે જ રાત્રે સ્વપ્નમાં જોયું કે મારા ઘરની સામેના તમામ ઘર હટાવવામાં આવે છે અહીં સુધી કે મારા ઘરની સામે ખાલી જગ્યા બની ગઈ. પછી મેં હઝરત મસીહ મૌઉદ અ.સ.ના ઘરને જોયો જે આપ પોતાના પ્રોગ્રામની બૈક સ્ક્રીન પર દેખાડો છો, દારૂલ મસીહનો વિસ્તાર કાદિયાન. કહે છે તે મેં સ્વપ્નમાં જોયું. કહે છે કે મેં તે ઘરને અર્થાત દારૂલ મસીહના ક્ષેત્રને જમીનમાંથી છોડની જેમ નિકળતા જોયું અને હું ચકિત હતો કે આ કેવી રીતે નિકળી રહ્યો છે. પછી મેં તેમાંથી નૂર નિકળતા જોયું, પછી મેં લોકોને કહેતાં સાંભળ્યું કે ચાંદ દિવસમાં નિકળ્યો છે. મેં મારી પાછળ જોયું તો સૂરજ પણ નિકળેલ હતો તો મેં તેમને કહ્યું કે સૂરજ અને ચાંદ બંને નિકળ્યા છે. હું ખુબ પ્રસન્ન થયો કેમકે પહેલી વાર મેં ઈસ્તિખારા કર્યો અને અલ્લાહ તઆલાથી જવાબ મેળવ્યો. આમ, તો હું પહેલાંથી જ મુસલમાન હતો પરંતુ મેં પહેલી વાર અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરી રહ્યો છું અને કેવળ અહેમદિયા જમાઅતના કારણે છે, હું આપ લોકોનો આભારી છું.

પછી સ્વપ્ન દ્વારા સ્વયં અલ્લાહ તઆલા કેવી રીતે માર્ગદર્શન કરે છે. આ વિશે યમનની એક મહિલા એમન સહેબા કહે છે કે મને નાની આયુંથી જ ઈમામ મહેદીના જમાના સુધી જીવિત રહેવાની ઈચ્છા હતી તથા તેના માટે દુઆ કરતી હતી. એક દિવસ હું અરબી ચૈનલ જોઈ રહી હતી કે તે ધાર્મિક પ્રોગ્રામમાં એક વિખ્યાત મૌલ્વીથી કોઈએ અહેમદિયા જમાઅતનું નામ લીધા વગર પૂછયું કે તેનો દાવો છે કે ઈમામ મહેદી આવી ચુકયા છે તથા તેમના પછી ખિલાફત શરૂ થઈ ચુકી છે. મૌલ્વી સાહેબે જવાબ આપ્યો કે તે લોકો કુધારણાના શિકાર છે, જુઠા લોકો છે માટે આપ એ ચકકરમાં ન પડો પોતાનું સામાન્ય જીવન વ્યતીત કરો કેમકે જ્યારે ઈમામ મહેદી આવશે તો બધાને ખબર પડી જશે, તેમને શોધવાની જરૂર ન પડશે. કહે છે કે વાત મારા મસ્તિષ્કમાં અટકી ગઈ અને પછી એક દિવસ ૨૦૦૯માં મારા નાના ભાઈએ મને જણાવ્યું કે તેણે એક ચૈનલ જોઈ છે કે કેટલાંક લોકો ઈમામ મહેદીના આગમનની ઘોષણા કરી રહ્યા હતા. આ સાંભળતા જ મને કથિત મૌલ્વી સાહેબને પૂછેલ પ્રશ્ન તથા ઉત્તર યાદ આવી ગયો અને હું સમજી ગઈ કે તે પ્રશ્ન ઈમામ મહેદીના આગમનની ઘોષણા કરનાર જમાઅત વિશે હતો. કહે છે કે મેં મારા ભાઈથી તે ચૈનલની ફ્રૈકંસી લીધી અને પછી જ્યારે આ ચૈનલ લગાવ્યો તો ત્યાં પ્રોગ્રામ અલહવારૂલ મુબાશિર ચાલું હતો. મેં તે પ્રોગ્રામમાં સામેલ તમામને એક એક કરી ખુબ ગહેરી નજરથી જોયા, તેમના ચહેરા પર વિચિત્ર પ્રકારની ચમક અને નૂર હતો પરંતુ મને તે લોકો પર તરસ આવ્યો કે એટલા સમજદાર હોવા છતાં આ લોકો પથભ્રષ્ટ થઈ ગયા છે અને મેં કહ્યું કે આજે તો આપણે એકતાની જરૂર છે પરંતુ તેમણે આવીને એક બીજો સંપ્રદાય બનાવી લીધો છે શું ઈસ્લામમાં પહેલાં સંપ્રદાય ઓછા હતા. આ વિચાર હોવા છતા મેં તેમની વાતો સાંભળી તો તે મારા દિલમાં ઉતરી. કહે છે કે પ્રોગ્રામની સમાપ્તિ પર એક કસીદા પેશ કરવામાં આવ્યો જેના વિશે આ લખ્યું હતું કે આ હઝરત મસીહ મૌઉદ અ.સ.નો લખેલ છે. આ કસીદાના શબ્દો અને પ્રભાવ અદભુત હતો. હું

મારા પતિ સાથે આ ચૈનલ જોવા લાગી. પ્રતિ દિન આમારો લગાવ આ ચૈનલથી વધતો ગયો અહી સુધી કે કેવળ થોડા દિવસોમાં જ અમારા ઘરમાં અન્ય તમામ ચૈનલો બંધ થઈ ગઈ અને કેવળ એમટીએ ચાલવા લાગ્યો. અમારા ઘરનો પ્રત્યેક વ્યકિત આ ચૈનલ પર બયાન થનાર નિષ્કર્ષને પસંદ કરવા લાગ્યા. હઝરત મસીહ મૌઉદ અ.સ.ના કલામનો પ્રભાવ જ ખુબ વિચિત્ર હતો. આપના કસીદા સાંભળતા સમયે મારી આંખોથી આંસુ જારી થઈ જતા કેમકે આ શબ્દો કોઈ ખુદા તરફથી આવનારના મુખથી જ નિકળી શકે છે. કહે છે કે આ રીતે તમામ વિષયમાં સંતુષ્ટિ પ્રાપ્ત કર્યા પછી મેં જાન્યુઆરી ૨૦૧૦માં બૈઅતનો પત્ર લખ્યો અને પછી કહે છે કે મારા પતિએ ઈન્ટરનેટ કૈફેથી ઘણી વાર પત્ર મોકલવાનો પ્રયાસ કર્યો પરંતુ સફળતા ન મળી. કહે છે કે તે સમયે જ્યારે આ સફળતા ન મળી રહી હતી તો મને મારી યુવા અવસ્થાનું એક સ્વપ્નું યાદ આવી ગયું કે એક બંજર જમીનમાં મને મારી સામે લાંબો છાયો દેખાય છે જેના વિશે સપનામાં આ આભાસ થાય છે કે આ આંહઝરત સ.સ.અ.ની છબી છે. આ છબી મારા તરફ હાથ આગળ કરે છે જેને પકડવા માટે હું દૌડું છું, આ પ્રયાસમાં કયારેક પડું છું અને પછી ઉભી થઈને દૌડવાનું શરૂ કરી દઉ છું. કહે છે કે એવામાં મારી આંખ ખુલી જાય છે. કહે છે કે મારો વિચાર છે કે હવે આ સપનામાં આંહઝરત સ.અ.વ.ની છબીનો અર્થ હઝરત મસીહ મૌઉદ અ.સ. હતા જે છબીના રૂપમાં આપના ગુણોની છબી છે અને ઝિલ્લી નબી છે અને આ કેવળ અલ્લાહ તઆલાની કૃપા છે કે તેણે મને પ્રયાસ કરીને આપનો હાથ થામવાનો સામર્થ્ય પ્રદાન કર્યુ કેમકે અનેક પ્રયાસોની સફળતા પછી અંતે માચે ૨૦૧૦માં અમે અમારી બૈઅત મોકલવામાં સફળ થઈ ગયા. પછી કહે છે કે જ્યારથી બૈઅત કરી છે ખુદાઈ કૃપાઓ વર્ષાની જેમ વરસી રહી છે તથા કુદરતના એટલા અદભુત દ્રશ્યો જોવા મળે છે કે તેને બયાન કરવાથી અમારી જુબાન વિવશ છે. વાસ્તવમાં તે ખુબ ચમત્કાર વાળો ખુદા છે. મેં જ્યારે પણ દુઆ કરી છે કબૂલિયતના નિશાન જોયા છે. અમારો ખુદા ખુબ મહેરબાન છે. પછી આગળ લખે છે કે આપની અને તમામ મોમિનોની મુહબ્બત મારા દિલમાં અને મારી જાનમાં અને સંતાન અને તમામ લોકો તથા ઠંડા પાણીથી પણ અધિક થઈ ગઈ છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે ખુદા તઆલા શૈતાની હુમલો હોવા છતા પણ દિવ્યાત્માઓનું માર્ગદાર્શન કરતો રહે છે તથા તેમના સીના ખોલે છે તથા અહેમદિયત કબૂલ કરવાની તૌફીક આપે છે. અસંખ્ય એવી ઘટનાઓ સામે આવે છે જ્યારે અલ્લાહ તઆલા સ્વયં પકડીને કબૂલ એ અહેમદિયતની તૌફીક અતા કરે છે અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ના સમર્થન અને સહાયતાના દ્રશ્યો દેખાડે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.ને ખુદા તઆલાએ ફરમાવ્યું કે ખુદા તારા નામને તે દિવસ સુધી જ્યારે દુનિયા ટુટી જાય, સંમાન સાથે કાયમ રાખશે અને તારા પ્રચારને જમીનના ખુણાં સુધી પહોચાડશે. પછી ફરમાવ્યું કે તે લોકો જે તારા અપમાનની ગતિવિધિઓમાં લાગે છે અને તારી નિષ્ફળતા ચાહે છે અને તને નષ્ટ કરવાના વિચારમાં છે, તે સ્વયં નિષ્ફળ રહેશે તથા નિષ્ફળતા અને દુર્ભાગ્ય સાથે મૃત્યું પામશે.

આમ, અલ્લાહ તઆલા તેના અનુસાર પ્રતિ દિન જમાઅતમાં નિષ્ઠ અને શ્રદ્ધા સામેલ થવાની પ્રત્યેક નિષ્ઠાવાનને, પ્રત્યેક અહેમદીને તૌફીક અતા કરે અને જ્યારે આપણે જોઈએ છીએ કે હઝરત મસીહ મૌઉદ અ.સ.થી કરેલ ખુદા તઆલાના અસંખ્ય વાયદાઓ પુરા પણ થયા છે તો ઈન્શાઅલ્લાહ તઆલા જે અધિક સંખ્યાનો વાયદો છે, તે પણ પુરો થશે. આવશ્યકતા આ વાતની છે કે અલ્લાહ તઆલાની કૃપાઓ ગ્રહણ કરવા માટે પોતાની નિષ્ઠામાં વ્યાપકતા લાવે જેથી અલ્લાહ તઆલાની કૃપાઓના વારસદાર બનનાર થઈએ. અલ્લાહ તઆલા આની પણ આપણને તૌફીક આપે.

આમીન.

**TOLL FREE NO: 180030102131**